ગાંધીનગર સમાચાર
તા. ૨૪-૬-૨૦૧૪, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

કાળાં નાણાં મુદ્દે સ્વિસ બેંકોનો સહયોગ

ચૂંટણી પ્રચાર દરમિયાન બાબા રામદેવના અને ભારતીય જનતા પાર્ટીના એજંડામાં વિદેશમાં રોકાયેલાં દેશનાં કાળાં નાણાં પરત લાવવાનો મુદ્દો જોરશોરથી ચર્ચાતો રહ્યો હતો. બાબા રામદેવ તો ત્યાં સુધી કહેતા કે જો વિદેશી બેંકોમાં છુપાવાયેલાં દેશનાં કાળા નાણાં પરત દેશમાં લઇ આવવામાં આવે તો દેશનાં કોઇ નાગરિકે ટેક્ષ ભરવાની જરૂર ન રહે. એ નાણાં દેશની પ્રજાનાં છે. રાજકારણીઓ અને ઉદ્યોગપતિઓ બેફામ રીતે પ્રજાને લૂંટીને એ નાણાં બારોબાર સ્વિસ બેંક સહિત કુલ સિત્તેર જેટલાં દેશોની બેંકોમાં જમા કરાવ્યાં છે. પ્રજાની આ ઉઘાડી લૂંટ ચલાવનારી સરકાર માટે બાબા રામદેવ 'લૂંટારી સરકાર' જેવા શબ્દો વાપરતા અને જનસાધારણને એમના અર્થશાસ્ત્ર પર વખત પૂરતો ભરસો પણ બેસી જતો. યોગગુરૂ બાબા રામદેવે છેલ્લા ઘણાં વખતથી ઉઘાડે છોગ કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સરકાર વિરૂદ્ધ રીતસર જેહાદ ચલાવી હતી તે સુવિદિત છે. ભાજપને સમર્થન આપવાની સૌથી મહત્ત્વની પૂર્વશરત તરીકે તેઓ ચૂંટાયા પછી નવી સરકાર દેશનું લંટાયેલું ધન વિદેશી તિજોરીઓમાંથી પાછું લઇ આવશે, એ પ્રકારનું વચન આપવાનો આગ્રહ રાખતા હતા. ભારતીય જનતા પાર્ટીના નરેન્દ્ર મોદી સહિતના નેતાઓને માટે બાબા રામદેવ અસ્કામત સમાન હોઇ તેઓએ ચૂંટણી એજંડામાં આ કાળા નાણાં વાળા મુદ્દાને અગ્રતા ક્રમે સમાવેશ કરવો પડ્યો હતો. બાબા રામદેવ એમની પ્રતિજ્ઞા પ્રમાણે આ કાળાં નાણાં ફક્ત નરેન્દ્ર મોદી જ પાછાં લાવી શકે એમ હોવાની વાત કરતાં રહ્યા હોઇ એમના કરોડો અનુયાયીઓએ ઝનૂનપૂર્વક ભાજપ અને નરેન્દ્ર મોદીની તરફેણમાં પ્રચાર કરી કોંગ્રેસે તથા યુપીએ વિરોધી વાતાવરણ તૈયાર કર્યું હતું. તેથી નરેન્દ્રભાઇ મોદીએ સત્તારૂઢ થતાંની સાથે જે કામ 'ટૉપ પ્રાયોરિટી' લેખે કર્યાં એમાં એક વિદેશી બેંકોમાં કાળાં નાણાંની તપાસ માટેની એસઆઇટીની નિયુક્તિ કરવાનું હતું. આ સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમના વડા તરીકે સર્વોચ્ચ અદાલતનાં નિવૃત્ત ન્યયાધીશ જસ્ટિસ એમ.બી. શાહ.ને નિમતાંની સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનાં વિશ્વાસુ ન્યાયમૂર્તિએ આ કામગીરી શરૂ કરી દીધી હતી. જસ્ટીસ એમ.બી. શાહ નેતૃત્વ હેઠળ રચાયેલા અગાઉનાં એક તપાસ પંચે શ્રી નરેન્દ્ર મોદીની તરફેણમાં કલીન ચીટ આપી હોવાનું સર્વવિદિત છે. સ્વિસબેંકોએ ભારતીય નાગરિકો અને કંપનીઓનાં રોકાણો વિશેની માહિતી ઉપલબ્ધ કરાવવાની બાંયેધરી આપી હોવાનું જણાવાયું છે. જોકે આંતરરાષ્ટ્રીય સમજૂતી મુજબ સ્વિસ બેંકો એમના ગ્રાહકોની ગોપનીય ઓળખ જાહેર કરશે કે કેમ તે પ્રશ્ન છે. કદાચ એવી ઓળખ જાહેર કરાવવામાં કેન્દ્ર સરકારને સફળતા મળે તો પણ એ નાણાં ભારતમાં પાછાં લાવીને વિકાસનાં કામોમાં વાપરી શકાશે કે કેમ, એ પણ પ્રશ્ન છે. ખુદ જસ્ટિસ એમ.બી. શાહે જ કબૂલ્યું છે કે વિદેશી બેંકોમાં કાયદેસરનાં નાણઆં રોકાયેલો હશે તો સરકાર એની વિરૂદ્ધ કંઇ જ કરી શકશે નહીં. મનમોહનસિંહ સરકારે આંતરરાષ્ટ્રીય સંબંધોની મર્યાદામાં રહી કાળા નાણાં વિશેની માહિતી મેળવવાના તથા તે પરત લાવવાનો પ્રયત્નો શરૂ કર્યા હતા અને એનાં પરિણામ પણ દેખાવા લાગ્યાં હતા. હવે નવી સરકાર એમાં કેટલો વધારો કરી શકે છે તે જોવાનું રહેશે. કાળા નાણાં મોટે ભાગે રાજકારણીઓનાં હોવાનો જોરશોરથી પ્રચાર થયો છે ત્યારે આવાં છાપેલાં કાટલાં અને મોટાં માથાંનાં નામે વિદેશી સરકાર જાહેર કરશે ખરી? તે પણ પ્રશ્ન છે જ. આશા રાખીએ કે આ આખી કવાયત 'ખોદ્યો ડુંગર ને કાઢ્યો ઉંદર' જેવી હાસ્યાસ્પદ બાબત બનીને ન રહી જાય.

કડી સંકુલ ગાંધીનગર ખાતે ગાયત્રી પરીવાર દ્વારા શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યનું કોઈપણ બાળક પ્રાથમિક શિક્ષણથી વંચિત રહેવા ન પામે અને રાજ્યના તમામ બાળકો અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરવાની સાથોસાથ સાક્ષરતાનો દર ઉંચો આવે તેવા ઉમદા આશયથી રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ૧૨ વર્ષથી પ્રતિ વર્ષ જૂન માસામાં ગુજરાતની તમામ શાળાઓમાં પ્રવેશોત્સવના કાર્યક્રમો યોજે છે. જેના ભાગરૂપે કડી સંકુલ ગાંધીનગર ખાતે તાજેતરમાં ગાયત્રી પરીવાર ગાંધીનગર દ્વારા શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. શાળા પ્રવેશોત્સવનો આ કાર્યક્રમોનો પ્રારંભ વૈદિક પરંપરા મુજબ વૈદિક મંત્રોચ્ચારથી કરવામાં આવ્યો હતો.

શાળા પ્રવેશોત્સવના આ કાર્યક્રમ અંતર્ગત શેઠ સી.એમ. હાઈસ્કૂલના પ્રાંગણમાં ૫૦૦ થી વધુ બાળકોને મા સરસ્વતીની શુક્ષ્મ ઉપસ્થિતિમાં પુજન અર્ચન, તિલક, આશીર્વચન, પુષ્પવૃષ્ટિ કરી શાળા પ્રવેશોત્સવ આપાવ્યો હતો. તેજ પ્રમાણે આર.જી. કન્યા વિદ્યાલયમાં પણ આશરે ૪૦૦ થી વધુ બાલિકાઓને મા સરસ્વતીની સુક્ષ્મ ઉપસ્થિતિમાં પુજન અર્ચન, તિલક, આશીર્વચન, પુષ્પવર્ષા કરી પ્રવેશ મેળવનાર કુમાર-કુમારિકાઓનો શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગાયત્રી પરિવાર વતી શ્રી ભોગીલાલ ઠક્કરે શાળામાં પ્રવેશ મેળવનાર બાળકોમાં સુસંસ્કારોનું સિંચન થાય અને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી સમાજમાં ઉન્નત મસ્તકે ઉભા રહે તે માટે શિક્ષકોને કર્મશીલ બનવા અનુરોધ કર્યો હતો.

શાળાની બાળાઓ દ્વારા પ્રસંગને અનુરૂપ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રારંભમાં શાળાના આચાર્યશ્રી બચુભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યુ હતુ.

આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી બારોટ, સંકુલના ડાયરેક્ટર ડૉ. સોમાભાઈ પટેલે ઉપસ્થિત રહી શાળામાં પ્રવેશ મેળવનાર બાળકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

ગાયત્રી પરીવારના જસુબેન ઠક્કર, ભારતીબેન પટેલ અને દિવ્યાબેને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ગુજરાતના મેડીકલ ટેકનીશીયન એસોસીએશનનો વાર્ષિક સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૩

ધી મેડીકલ ટેકનીશીયન્સ એસોસીએશન ગુજરાત દ્વારા અમદાવાદની સિવિલ હોસ્પિટલના કામા હોલ ખાતે તેમનો વાર્ષિક સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં એસોસીએશનના પ્રમુખ રાજેન્દ્ર વ્યાસ, સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડૉ. એમ.એમ. પ્રભાકર, ગુજરાતના જાણીતા ઉદ્યોગપતિ અને શામ સેવા ફાઉન્ડેશનના ચેરમેન મગનભાઈ પટેલ અને અતુલ કપુર ઉપસ્થિત રહ્યા હતાં.

મોટી સંખ્યામાં હાજર રહેલા મેડીકલ ટેકનીશીયન્સને સંબોધતા મુખ્ય અતિથી મગનભાઈ પટેલે સરકારે એસોસીએશન સાથે બેસીને તેમના પ્રશ્નોનો નિવેડો લાવવો જોઈએ તેવી ટકોર સાથે મેડીકલ ટેકનીશીયન્સને તેમના વિભાગના હાથ સમાન ગણાવ્યા હતા. જો હાથ લકવાગ્રસ્ત થઈ જાય તો બીજા શારિરીક અવયવો ગમે તેટલા કાર્યક્ષમ હોય યોગ્ય રીતે કામ કરી શકતા નથી. ટેકનીશીયનોના સહકારથી કામ કરવામાં ડોકટરની ઘણી ચિંતા ઓછી થઈ જાય છે. અને દર્દીઓને પણ યોગ્ય સારવાર મળી જાય તેવું જણાવ્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે સરકારે કોર્પોરેટ સોશિયલ રીસ્પોન્સીબીલીટીઝ અંતર્ગત પ્રોફિટના ૨ ટકા કંપનીઓ પાસેથી વાપરવા ફરજીયાત કાયદાકીય જોગવાઈ કરેલી છે. જેમાં ટેકનીશીયનો સ્થાનિક લોકો, કોર્પોરેટ સેકટરના લોકો વગેરેનો સહકાર લઈ ઈકવીપમેન્ટસ અથવા હોસ્પિટલ ઈન્ફ્રાસ્ટ્રકચર સાધનો માટે અમુક ફંડ ભેગું કરી શકે છે. ધારાસભ્યો અને સાંસદોના બજેટમાં આ સેકટરના સમાવેશથી રાજયના આ વિભાગને મોટો ફાયદો થઈ શકે છે. આ પ્રસંગે સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડૉ. એમ.એમ. પ્રભાકરે હોસ્પિટલમાં રાજય અને રાજય બહારના વર્ષે ૯ લાખ દર્દીઓ સારવાર માટે આવે છે. આ એસોસીએશના પ્રશ્નો સરકાર સમક્ષ મુકેલા છે તેનો જલ્દી ઉકેલ આવશે તેવો આશાવાદ પણ રજૂ કર્યો હતો. એસોસીએશનના પ્રમુખ રાજેન્દ્ર વ્યાસે ટેકનીશીયનોએ દર્દીઓને હાલાકી ન થાય તે માટે કયારેય પોતાના પ્રશનો માટે હડતાળ પાડી નથી તે બાબતનો ગર્વ વ્યકત કર્યો હતો. અમદાવાદના ડીટીસીના નિયામક પી.એમ. પટેલે ૨૦૫૦ સુધીમાં ભારતમાંથી ટીબી સંપૂર્ણપણે નાબુદ થઈ જશે તેવો આશાવાદ વ્યકત કર્યો હતો.

૬૬૦૦૦ બેઠકોની સામે માત્ર ૫૮,૨૯૦ વિદ્યાર્થીની નોંધણી

અમદાવાદ, તા.૨૩

ધોરણ-૧૦ પછી ડિપ્લોમા એન્જીનીયરીંગ શાળાની રાજ્યભરમાં આવેલ ૧૨૬ કોલેજોની ૬૬,૦૦૦થી વધુ બેઠકો પર ઓનલાઈ રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે. જેમાં માત્ર ૫૮,૨૯૦ વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું છે એટલે પ્રવેશ કાર્યવાહી બાદ ૧૩,૦૦૦ કરતા વધુ બેઠકો ખાલી રહે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ધોરણ-૧૦નું પરીણામ આ વર્ષે ખુબ ઉચું જાહેર કરાયું છે જેના કારણે ધોરણ-૧૧ સાયન્સ અને કોમર્સમાં પ્રવેશ લેવા માટે વિદ્યાર્થીઓનો ઘસારો જોવા મળી રહ્યો છે. જેની સીધી અસર ડિપ્લોમાની પ્રવેશ પ્રક્રિયા પર પડી રહી છે. ડિપ્લોમાની પ્રવેશ પ્રક્રિયામાં ૬૬,૦૦૦ બેઠકોની સામે માત્ર ૬૧,૭૪૦ બુકલેટોનું વેચાણ થયું હતું જ્યારે ૫૮,૨૯૦ વિદ્યાર્થીઓ જ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યુ છે એટલે કે બેઠકો કરતા અંદાજે ૮૦૦૦ જેટલા ઓછા વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. જો કે રજીસ્ટ્રેશન કરાવનાર વિદ્યાર્થીઓ પૈકી હજી કેટલાક વિદ્યાર્થીઓ પ્રવેશ ન લે તેવી પુરી શક્યતા છે. જેના પગલે ડિપ્લોમામાં ૧૩,૦૦૦ કરતા વધુ બેઠકો ખાલી રહે તેવી શક્યતા છે. આ અંગે એસીપીસીના મેમ્બર સેક્રેટરી એસ દવેએ જણાવ્યું હતું કે ગત વર્ષની જેમ આ વર્ષે પણ ડિપ્લોમામાં ૧૩,૦૦૦ બેઠકો ખાલી રહે તેવું પ્રથમ દ્રષ્ટિએ જણાઈ રહ્યું છે. બીજી તરફ ડિપ્લોમા એન્જીનીયરીંગમાં આ વર્ષે ૫૦૦૦ થી વધુ બેઠકોનો વધારો કરાયો છે.

હરિની દૃષ્ટિ...

પપ્પા, વરસાદની ચિંતા ન કરો, તમને વરસાદ જરૂર જોવા મળશે, મે લાઇવ - રેઇન - એપ્લીકેશન ડાઉનલોડ કરી દીધી છે....!!

સે-૨૩ આર.જી. પટેલ એસ.બી.પટેલ કન્યા શાળામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

કડી સંચાલિત શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉ.મા. શાળા સેકટર-૨૩ ખાતે ધોરણ-૯ કન્યા પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો હતો.

રાજય સરકાર ગુજરાતનું કોઈ પણ બાળક અભ્યાસથી વંચિત રહી ન જાય તે માટે અથાગ પ્રયત્નો કરી રહી છે. ત્યારે તાજેતરમાં રાજયમાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. નાનામાં નાના ગામડામાં પ્રવેશોત્સવ ધામધૂમ પૂર્વક યોજાયા છે.

ત્યારે ગાંધીનગર સેકટર-૨૩ સ્થિત શ્રીમતી આર.જી. પટેલ કન્યા અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉ.મા. શાળામાં ધોરણ-૯ની વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ કરાવવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત ગુજરાતની સંસ્કૃતિ મુજબ પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ધોરણ-૯ની વિદ્યાર્થીનીઓને ગાયત્રી પરિવાર દ્વારા વૈદિક મંત્રોચ્ચાર કરી પ્રવેશ કરાવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી એસ.એન. બારડ, કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ, શાળાના આચાર્યા સુધાબેન પટેલ સહિત મોટી સંખ્યામાં મહાનુભાવો અને વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી.

સુરેન્દ્રનગર વણકર સમાજના વિદ્યાર્થીઓનો ઈનામ, પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

સુરેન્દ્રનગર જિલ્લા વણકર સમાજ ગાંધીનગરની બેઠક ગત રવિવારના રોજ યોજવામાં આવી હતી. સમાજના ધોરણ-૧૦ અને ૧૨માં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને મેરીટના ધોરણે પ્રથમ પાંચ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને સન્માનવામાં આવશે. આ પ્રસંગે સમાજના નિવૃત્ત સિનિયર સિટીજનોનું સન્માન કરવામાં આવશે. સન્માન સમારોહ આગામી તા. ૬ જુલાઈના રોજ યોજાશે. વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટની નકલ તા. ૩૦ જૂન સુધી જે.ટી. સિંઘવને મોકલી આપવાની રહેશે. તેમજ સમાજ દ્વારા લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે પસંદગી મેળો યોજવામાં આવશે. જે અંગેના પ્રવેશફોર્મ આર.જી. મકવાણા પાસેથી તેમજ સંસ્થાની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી પ્રમુખને પહોંચાડવાના રહેશે.

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનશે

ગાંધીનગર, તા. ૨૩

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર દ્વારા સમાજના વર્ષ ૨૦૧૩-૧૪ના શિક્ષણક્ષેત્રે ઉચ્ચ ટકાવારી મેળવેલ તેજસ્વી વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવશે.

બ્રહ્મસમાજના વિદ્યાર્થીઓ જેમણે વર્ષ-૨૦૧૩-૧૪માં ધોરણ-૧ થી ૮માં ૮૦ ટકા, ધોરણ-૯ થી ૧૨ માં ૭૦ ટકા, તેમજ સ્નાતક, ડીગ્રી, ડિપ્લોમાં ૬૦ ટકા ગુણ મેવેલ વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનવામાં આવશે. ઈનામ વિતરણ સમારોહમાં ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ તા. ૧૫ જુલાઈ સુધી બ્રહ્મસમાજ કાર્યાલય સેક્ટર-૧૬ ખાતે સવારે ૧૦.૩૦ થી ૧.૦૦ અને સાંજે ૩.૦૦ થી ૬.૦૦ સુધી વિગતો સાથે ફોર્મ સ્વિકારવામાં આવશે. તેમજ સમારોહની તારીખ આગામી સમયમાં જાહેર કરવામાં આવશે. તેમ પ્રમુખ પિનાકીન રાવલે જણાવ્યું છે.

યુગયુગાંતરથી તપી તપીને, ઘસાઇ-ઘસાઇને ઉજ્જવળ થવા મથેલું સમસ્ત નારી હૃદય પોતાની જાગૃતિ માટેના શુભ મુહૂર્તે પ્રભુને પ્રાર્થે છે કે, પ્રભુ તારી ઉજ્જવળતાને અમારા આ ઉઘડતા ચહેરામાં ચમકવા દે, જેતી અમે તારા પ્રકાશને પ્રતિબિંબત કરી શકીએ

શ્રદ્ધા, શક્તિ અને શ્રમનો સમન્વય : હેલન કેલર

નેહલ જયદીપ ગઢવી

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીના કાર્યક્રમો અત્યારે પૂરજોશમાં ચાલી રહ્યા છે. ત્યારે મહિલાઓની માનસિક અને સામાજિક પરિસ્થિતિમાં આજના આ કહેવાતા આધુનિક યુગમાં કેટલો બદલાવ આવ્યો છે તે એક વિસારશીલ બાબત છે! ભારતમાં પ્રાચીન યુગમાં લોકો માતૃસત્તાક સમાજરચનામાં માનતા. ઉપનિષદમા નજર કરતાં જણાશે કે દરેક મહિલાને એક પુરૂષ જેટલી જ સ્વતંત્રતા હતી. પરંતુ, મહિલાઓની આ સ્વતંત્રતા સમય જતાં પુરૂષોને અયોગ્ય લાગી. પરિણામે, પિતૃસત્તાક સમાજ વ્યવસ્થાના બીજ રોપાયા. સતી સીતાને પણ અગ્નિ પરીક્ષામાંથી પસાર થવું પડ્યું. દ્રૌપદીની પોતાની અંગત મિલકત ગણી યુધિષ્ઠિરે તો તેને દાવમાં પણ મુકી દીધી. ત્યાર બાદ સ્ત્રીની અવદશા એટલી કરૂણાજનક બની કે તેને સતીપ્રથા તેમજ બાળકીને દૂધપીતી કરવા જેવા કુરિવાજોનો ભોગ બનવું પડ્યું. પરંતુ, રાજા રામમોહનરાય અને તેમના જેવા અનેક સમાજસુધારકોને સાથે મળીને નારી ઉત્થાન અને મહિલા મુક્તિ માટેનાં પ્રયત્નો શરૂ કર્યા.

કવિઓએ નારીના માહાત્મયને સુપેરે આલેખ્યું છે કે,

જે કર ઝુલાવે પારણું,
તે જગત પર શાસન કરે.

આધુનિક યુગમાં લોકોએ દીકરીનું મહત્ત્વ સમજ્યું અને તેમની જરૂરિયાતો પણ સ્વીકારી! દીકરીનો બાપ હોવું એટલે દુનિયાની વધુ નસીબદાર વ્યક્તિ હોવું એ સમજ લોકોમાં જાગૃત થઇ જણાઇ. આપણે સૌએ માનવું જ પડશે. સ્ત્રી શૂન્યમાંથી પણ સર્જન કરી શકે, રણને બાગની જેમ ખીલવી શકે, પોતાની આંખોમાં નવરંગી શમણાં આંજીને સ્ત્રી સાદગીપૂર્વકના ડગલા પણ ભરી શકે છે! તેના પગ તળે ધરતી સરકતી જાય છતાં તેના ટેરવે તે પર્વત ઘરી શકવાની પણ ક્ષમતા ધરાવે છે! તે દીકરી, માતા, બહેન, પત્ની જેવી ભૂમિકા ભજવીને પોતાના કુટુંબને સંપૂર્ણ બનાવી જાણે છે! પોતાની રસોઇકળાથી દરેક હૃદયમાં પહોંચી ઘરને સ્વર્ગ બનાવી શકે છે. કવિયિત્રી શ્રી નલિની મડગાંવકર લખે છે કે,

હું જીવીશ વૃક્ષની જેમ
ફૂલોની સૌરભ પાથરીને
પંખીનો ટહુકો સાચવીને
આકાશનો મંત્ર ઝીલીને
હું નારી
નખશિખ નારી.

મહિલાઓએ સમાજને આપેલ યોગદાન અને તેનો સમગ્ર સમાજને દરકે કાળે થયેલો લાભ ઉડીને આંખે વળગે તેવો છે. પરંતુ, મહિલાઓમાં પણ દીવાદાંડી સમાન કાર્ય કરનાર હેલન કેલર તેમના જીવન દ્વારા એક અનોખી મિસાલ કાયમ કરી ગયા!

તેઓ અમેરિકાનાં **First Lady of Courage** - પ્રથમ હિંમતવાન મહિલા તરીકે જાણીતા બન્યા. વિશ્વનાં મૂક-બધિર અને પ્રજ્ઞાચક્ષુ એવાં લાખોનાં તારણહાર, પ્રેરણાદાતા હેલન કેલનનો જન્મ ઇ.સ. ૧૮૮૦ માં ૨૭ જૂને અમેરિકાના આલબામાં રાજયમાં ટ્યુસકુમ્બિયા નામના નાના ગામમાં થયો હતો. આથી જૂન મહિનો તેમની પાવન સ્મૃતિ તાજી કરવાનો મહિનો છે! પિટા કેપ્ટન આર્થર એસ. કેલર અને માતા કેટ એડમ્સની આ લાડલી પુત્રી માત્ર ૧૯ મહિનાની હતી ત્યારે ગંભીર માંદગીમાં સપડાઇ અને દર્શન, શ્રવણ અને વાચા આ ત્રણે શક્તિઓ એક સાથે ગુમાવી બેઠી! અનેક ઉપચારો છતાં હેલનની સ્થિતિમાં કોઇ ફેરફાર ન જણાયો. પરંતુ, આવે સમયે નિરાશ કે હતાશ થઇને માત્ર પ્રારબ્ધને દોષી ગણીને બેસી રહેવાને બદલે તેના માતા-પિતાને હેલનના શિક્ષણને માટે બુદ્ધિપૂર્વક પોતાનું સર્વસ્વ હોમીને સારામાં સારી શિક્ષણસંસ્થાની શોધ આદરી. તેઓ જાણીતા અંગ્રેજી સાહિત્યકાર ચાર્લ્સ ડિકન્સની બોસ્ટનમાં આવેલી અંધજનોની સંસ્થા 'પાર્કીન્સ'ની મુલાકાતે ગયા. જેના પરિણામે હેલનના જીવનમાં એક અદ્‌ભૂત શિક્ષિકા એની મેન્સફિલ્ડ સુલિવાનનો પ્રવેશ થયો. એ દિવસ હતો ૩ માર્ચ ૧૮૮૭ નો. હેલને પોતાની આત્મકથામાં એ દિવસને પોતાના આખા જીવનનો સૌથી વધુ મહત્વનો દિવસ, પોતાના 'આત્માનો જન્મદિવસ' કહ્યો છે! આપણે ત્યાં આવાં સંજોગોમાં લોકો સહાનુભૂતિથી બે નિસાસા નાખી, વધુમાં વધુ કંઇક દાન આપી આવાં લોકો માટે કંઇક કર્યાનો સંતોષ માની લે છે! શારીરિક રીતે અસમર્થ બાળકની ઉપયોગિતા અને તેના વિકાસમાર્ગની શક્યતાના વિચારની આપણો સમાજ સાવ અજાણ છે! એક દેશમાં જાતિથી અબળા ગણાતી અને ત્રણ ત્રણ ઇન્દ્રિયોથી વિકલ એવી અપંગ વ્યક્તિને પોતાનું સુષુપ્ત બળ પ્રગટાવવાની પુરી તક મળે છે અને એ દ્વારા એ પોતાની જાતને સમગ્ર વિશ્વમાં માન્ય તેમજ ઉદાહરણરૂપ બનાવે છે! આપણે સૌએ હેલનની આ અસાધારણ સિદ્ધિઓ માટે કારણભૂત જાગૃત માતાપિતા તેમજ ઉમદા શિક્ષકોનાં સિંહફાળાને લક્ષમાં રાખીને સાચા અર્થમાં કન્યા - કેળવણીની શરૂઆત કરવા માટે કટિબદ્ધ બનવું પડશે!

બાહ્ય વિશ્વમાં પ્રવેશવાનાં અગત્યનાં ત્રણ ઇન્દ્રિય દ્વારો બંધ હોવ છતાં તેમાં પ્રવેશવાનો હેલનનો પ્રબળ ઉત્સાહ તેમજ પુરૂષાર્થ તેને અંતરિંદ્રીય પર ભાર મુકવા શીખવે છે! અંતરિંદ્રીય પર ભાર આપવાને કારણે એ શક્તિ એટલી બધી તીવ્ર ખીલેલી દેખાય છે કે, જયારે તે કોઇ દૃશ્ય, શ્રવ્ય કે સ્પૃશ્ય પદાર્થનું વર્ણન કરે કે તેના ભાવનું વર્ણન કરે ત્યારે એ વાંચતા હેલન ઇન્દ્રિયવિકલ છે તે ભૂલી જવાય છે. ઇન્દ્રિયક્ષતિની આકરી બેડી છતાં તેમને અભ્યાસમાર્ગમાં આગળ ધપવાની તાલાવેલી લાગે છે, તેમજ ક્ષતિ વિનાના સહચારીઓ સાથે રહેવાની અને તેમનાથી પણ આગળ વધવાની ધૂન લાગે છે. અલબત્ત, તેમાં ઘણીવાર મુશ્કેલીઓ અને નિરાશાઓ અચૂક આવે છે પરંતુ અંતે હેલન જીત્યાં. હેલન પરીક્ષામાં પ્રથમ બેઠા ત્યારે તેમને કુશળ પ્રશ્નપત્ર સમજાવનાર, ઉત્તર લખવાનો પૂરતો સમય અને લખ્યા પછી બચત સમયમાં ભૂલ સુધારવાની નિરીક્ષકે કરી આપેલી તક આ તમામ સગવડો મળી! સુખલાલ સંઘવી નોંધે છે કે, "સ્કૂલ અને કોલેજની વિદ્યામય વાતાવરણમાંથી હેલન જયારે જ્ઞાનતૃષા શમાવે છે. ત્યારે એ પોતાની અપંગતાનું ભાન ભૂલી ચિત્તશક્તિના અલૌકિક આનંદનો અનુભવ કરે છે ને એમાંથી જીવનકથા જેવાં મધુર ફળો પીરસે છે." ૧૯૦૪માં રેડક્લિફ કોલેજમાંથી હેલન સ્નાતક થયા. તેમની ખ્યાતિ ઝડપથી વિશ્વમાં પ્રસરી ગઇ.

અધ્યાપકોની શુષ્ક દોડમાં હેલનને સમુદ્રમાં મીઠી વીરડી સમાન વિરલ અધ્યાપકો મળે છે, જેઓ તેને રસમય શિક્ષણથી તરબોળ કરી દે છે. હેલને તેમનું સમગ્ર જીવન બંધ અને મૂક-બધિર લોકોનાં ઉત્કર્ષ માટે સમર્પિત કર્યું. ૨૫ દેશોમાં ફરીને વ્યાખ્યાનો આપીને તેમને સમાજને જાગૃત કર્યો. હેલને અનેક પુસ્તકો પણ લખ્યાં. આ બધો સમય અને સુલિવાન તેમની સાથે રહ્યા. માટે જ એનને વિશ્વ **The Miracle Worker** - ચમત્કાર કાર્યકર તરીકે ઓળખે છે. અત્યારે આપણા સમાજને આવા શિક્ષકોની જરૂર છે. હેલન કેલર માટે 'વિશ્વવંદ્ય વિભૂતિ' તેમજ 'તેજોમૂર્તિ ભગિની' જેવી ઉક્તિઓ યોગ્ય રીતે જ વપરાય છે. આખા વિશ્વનાં અંધ-બધિરોને પોતાના કરીને એમનું એકલાપણું હેલને દૂર કર્યું છે. મહિલાઓને તો હેલનના જીવનમાંથી ઘણું શીખવાનું મળે છે! હેલનના જીવન પરથી તેઓ જાણી શકશે કે ત્રણ-ત્રણ ઇન્દ્રિયોના અભાવરૂપી બંધન છતાં એક લઘુબાળાએ તમામ બંધનો તોડી બહાર આવવા દૃઢ નિશ્ચય કરે છે અને અથાક પુરૂષાર્થમાં ભાન ભૂલીને છેવટે અપંગપણાના સહજ બંધનની પેલી પાર રહેલા પોતાના આત્માને પ્રગટાવે છે, ત્યારે એવા એકે બંધન વિનાની મહિલાઓ નિશ્ચિત અને પુરૂષાર્થ દ્વારા શું - શું સાધી ન શકે? શ્રી નલિની મડગાંવકર લખે છે કે,

નારી મુક્તિનો ઝંડો હાથમાં લઇ
મારે સૂત્રો પોકારવાં નથી.

કહેવાતા પુરૂષ - શાસિત સમાજમાં નામની ખેવના રાખ્યા વગર
સંસારનાં અનેક ક્ષેત્રો એક, પછી એક મેં સર કર્યા છે.

ઘરની ચાર દિવાલોને એક ફૂંકથી ઉડાવવાની શક્તિ મારમાં છે.

હેલને પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં સૂર્યોદયને માણ્યો છે અને બધિર હોવા છતાં જગતનું સંગીત સાંભળ્યું છે તો આજની નારી તો પોતાને મળેલી અમાપ શક્તિઓનાં ઉપયોગથી મહિલા સશક્તિકરણની દિશામાં ચોક્કસથી હરણફાળ ભરી શકશે જ! વિનોભા ભાવે કહે છે તેમ માત્ર ધ્રુવનો તારો જોયા કરવાથી નહિં ચાલે, એ દિશામાં ચાલવું પડશે. યુગયુગાંતરથી તપી તપીને, ઘસાઇ-ઘસાઇને ઉજ્જવળ થવા મથેલું સમસ્ત નારી હૃદય પોતાની જાગૃતિ માટેના શુભ મુહૂર્તે પ્રભુને પ્રાર્થે છે કે, પ્રભુ તારી ઉજ્જવળતાને અમારા આ ઉઘડતા ચહેરામાં ચમકવા દે, જેતી અમે તારા પ્રકાશને પ્રતિબિંબત કરી શકીએ. અને આપણો આ સંકલ્પ જ હેલન કેલરને તેમની પુણ્યતિથિ નિમિત્તે સાચી શ્રદ્ધાંજલિ બની શકશે!